પશ્ચિમ રેલવે દ્વારા સાબરમતી સ્ટેશન પર "વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ" પ્રદર્શનીનું આયોજન

અમદાવાદ, દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત ૧૪ ઓગસ્ટને સમગ્ર દેશમાં "વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ" તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. આ કડીમાં પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળના સાબરમતી સ્ટેશન પર ૧૦ થી ૧૪ ઓગસ્ટ, ૨૦૨૨ દરમિયાન પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું છે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી સુમિત ઠાકુર દ્વારા જાહેર કરવામાં આવેલ એક પ્રેસ રિલીઝ મુજબ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૧૪ ઓગસ્ટને "વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ" તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. આ દિવસ દેશના લોકોના સંઘર્ષ અને બલિદાનની યાદમાં મનાવવામાં આવી રહ્યો છે, જેમણે અંધાધૂંધ નફરત અને હિંસાને કારણે પોતાનો જીવ ગુમાવ્યો હતો. આ દિવસના મહત્વને ધ્યાનમાં રાખીને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ હિસ્ટોરિકલ રિસર્ચ (ICHR) અને ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટસ (IGNCA) દ્વારા એક પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ફોટો પ્રદર્શનીમાં એ લાખો લોકોની પીડા અને વેદનાને ઉજાગર કરવા માટે ઐતિહાસિક તથ્યો દર્શાવવામાં આવ્યા છે, જે લોકોએ ભાગલાનું દુખ વેઠ્યું છે. આ પ્રદર્શની દેશને છેલ્લી સદીમાં માનવ વસ્તીના સૌથી મોટા વિસ્થાપનની યાદ અપાવે છે, જેમાં મોટી સંખ્યામાં લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. પશ્ચિમ રેલ્વે દ્વારા આ પ્રદર્શનીનું સાબરમતી સ્ટેશન પર આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે આપણા દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહત્વનું સ્થાન ધરાવે છે કારણ કે મહાત્મા ગાંધીએ સાબરમતી આશ્રમથી પ્રસિદ્ધ દાંડી યાત્રા શરૂઆત કરી હતી.

હિન્દુસ્તાન પેટ્રોલિયમ દ્વારા વિભાજનની દર્દનાક સ્મૃતિઓની જાણકારી આપતા પ્રદર્શનનું આયોજન

અમદાવાદ, ૧૯૪૭માં ભારત અને પાકિસ્તાનનાં વિભાજન વખતે સર્જાયેલી દર્દનાક સ્થિતિની જાણકારી આપતા પ્રદર્શનનું આયોજન હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. દ્વારા શહેરનાં બોડકદેવ સ્થિત કોમકો પંપ-ઓટોકેર સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનું ઉદઘાટન સ્વાતંત્ર્ય સેનાની શ્રી કાંતિભાઈ અંબાલાલ યાજ્ઞિક અને દસક્રોઈનાં ધારાસભ્ય શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એએમસીનાં સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ, જોધપુર વોર્ડનાં કાઉન્સિલર શ્રી આશિષભાઈ પટેલ અને બોડકદેવ વોર્ડનાં કાઉન્સિલર શ્રી દેવાંગભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતાં. હિન્દુસ્તાન પેટ્રોલિયમ તરફથી આ પ્રસંગે ડીજીએમ શ્રી સ્વપ્નીલ અતરદે, વરિષ્ઠ પ્રબંધક શ્રી આશિષ વર્મા, વરિષ્ઠ પ્રબંધક શ્રી સુમિત ગુપ્તા, વરિષ્ઠ પ્રબંધક શ્રી રાજેન્દ્ર રંગવાની અને સિદ્ધાર્થ ગોપે વગેરે અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગમાં ડિલર સમુદાય પણ ઉપસ્થિત રહ્યો હતો. સ્વાતંત્ર્ય સેનાની શ્રી કાંતિભાઈ અંબાલાલ યાજ્ઞિકે આ પ્રસંગે જણાવ્યું હતું કે, નફરત અને હીંસાને કારણે આપણા લાખો ભાઈ-બહેનોએ વિસ્થાપિત થવું પડ્યું અને જીવ પણ ગુમાવવો પડ્યો હતો. આ દિવસ આપણને સૌને ભેદભાવ, વૈમનસ્ય અને દુર્ભાવના જેવા ઝેરને ખતમ કરવા માગ પ્રેરિત નથી કરતો, પણ તેનાથી આપણી એકતા, સામાજિક સદભાવ અને માનવીય સંવેદનાઓ પણ મજબૂત બનાવવા પ્રેરિત કરે છે. (૨૨-૧)

ગુજરાતના કાપડ વેપારીઓને ૩૦૦ કરોડના ઓર્ડર મળ્યા

અમદાવાદ, ગુજરાતની ટેક્સટાઈલ ટ્રેડ બોડી મસ્કતી ક્લોથ માર્કેટ મહાજને ગારટેક્સ ટેક્સ પ્રોસેસ ઈન્ડિયા, ૨૦૨૨ સાથે હાથ મિલાવ્યો હતો. ગારટેક્સ ટેક્સ પ્રોસેસ ઈન્ડિયા, ૨૦૨૨ની દિલ્હી માટે અમદાવાદની નોડલ ટેક્સટાઈલ ટ્રેડ બોડી મસ્કતી ન્યૂ ક્લોથ માર્કેટ મહાજનની શાખા ફેબેક્સા સાથે જોડાણ કરવામાં આવ્યું હતું. અગામી દિવસોમાં નવરાત્રિ, દિવાળી સહિત અન્ય તહેવારોને ધ્યાનમાં રાખીને શહેરના ૮૨ ફેબ્રિક્સ અને ૨૦ ડેનિમના ઉત્પાદકો દ્વારા કલેક્શન મૂકવામાં આવ્યું હતું. આ વેપારીઓએ આગામી ફેશનને ધ્યાનમાં રાખીને પોતાની પ્રોડક્ટ્સ ડિસ્પ્લેમાં રાખીને બુકિંગ મેળવ્યા છે. આ ફેરમાં બાઈંગ હાઉસિંગ, એક્સપોર્ટ હાઉસ, ગારમેન્ટ બ્રાન્ડ વેપારીઓ અને સંસ્થાઓએ સમગ્ર દેશમાંથી ભાગ લીધો હતો.

ફેરમાં ફેબ્રિક્સ સાથે મશીનરી, એસેસરિઝ, વગેરે આ ફેરમાં જોવા મળ્યા હતા. રો-મટીરિયલના ભાવમાં વધારાના કારણે કાપડના ભાવમાં ૩૦થી ૪૦ ટકાનો વધારો થયો હતો, પરંતુ હાલમાં કાપડના ભાવમાં ૨૦ ટકાનો ઘટાડો થયો હોવાથી તેનો લાભ ગ્રાહકોને દિવાળી દરમિયાન જોવા મળશે.વધુમાં ફેબેક્સા દ્વારા આ ટ્રેડમાં જુદા-જુદા રાજયોમાંથી ૨૦૦ વેપારીઓને આવવા જવાની તેમ જ રહેવાની સુવિધા પૂરી પાડવામાં આવી હતી.મસ્કતી કાપડ માર્કેટ મહાજનના વેપારીઓ દિલ્હી ખાતે ૪થી ૬ ઓગસ્ટ દરમિયાન આયોજીત આંતરાષ્ટ્રીય વેપાર મેળામાં ભાગ લેવા ગયા હતા, જેમાં અમદાવાદના ૮૨ ફેબ્રિક અને ૨૦ ડેનિમના વેપારીઓ પ્રગતિ મેદાનમાં આયોજીત ગારટેક્સ એક્ઝિબિશનમાં રૂ.૩૦૦ કરોડથી વધારે ઓર્ડર બુક કર્યા છે. જ્યારે દિવાળી સુધીમાં બીજા રૂ.૪૦૦ કરોડના બુકિંગ થવાની આશા મસ્કતી મહાજને વ્યક્ત કરી છે. આમ કાપડના વેપારીઓની દિવાળી સુધીનું બુકિંગ થઈ રહ્યું છે. એક્ઝિબિશનમાં શૂટિંગ શર્ટિંગ, ડ્રેસ મટીરિયલ, ડેનિમ, નીટ્સ, હોઝિયરીનું ડિસ્પ્લે કરાયું હતું.

વાપી હાઈવે ઉપર મોબાઈલ ઝુંટવતી ટોળકી સક્રિય

વાપી, વાપી ટાઉન, જીઆઈડીસી તેમજ ડુંગરા વિસ્તારમાં થોડા સમયથી મોબાઈલ, ચેઈન ઝુંટવી ફરાર થનારી ગેંગ સક્રિય બની હતી. પોલીસે આ ટોળકીના ઘણાં ઈસમોને પકડી કાર્યવાહી પણ હાથ ધરી હતી. જોકે થોડા સમયના વિરામ બાદ હવે આરોપીઓ બજાર કે સુમસામ વિસ્તારને છોડી હાઈવે ઉપર સક્રિય થયા છે. બલીઠા વિસ્તારમાં ત્રણ દિવસ અગાઉ ગેરેજ ઉપર જઈ રહેલા મોહમદ હસ્નેન બ્રહ્મદેવ મંદિર પાસેથી મોબાઈલ ઉપર વાતો કરીને ચાલતા જઈ રહ્યા હતા. તે દરમિયાન પલ્સર બાઈક ઉપર આવેલા બે ઈસમો હાથમાંથી મોબાઈલ ઝૂંટવીને ફરાર થઈ ગયા હતા. જોકે તેઓ પાછળ હસ્નેન દોડ્યો પણ ક્ષણભરમાં તેઓ ગાયબ થઈ ગયા હતા. આ જ રીતે એક અન્ય વ્યક્તિ સાથે પણ બનાવ બન્યો હતો. મોબાઈલ છીનવી ફરાર થનારા નંબર વગરની કાળી પલ્સર લઈને નજીક આવે છે અને ફોન ખેંચીને છૂ થઈ જતા હોય છે. પ્રથમ બનાવમાં બલીઠા બ્રહ્મદેવ મંદિરમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં આરોપીઓ કેદ થઈ ગયા હતા.

લા ટ્રોબ યુનિવર્સિટી દ્વારા ફરી એકવાર શાહરૂખ ખાન સ્કોલરશિપની જાહેરાત

VICTORIA State Government
LA TROBE UNIVERSITY AUSTRALIA
Indian Film Festival of MELBOURNE
VICTORIA State Government

અમદાવાદઃ મેલબોર્નના ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ સાથે ભાગીદારીમાં, લા ટ્રોબ યુનિવર્સિટીએ આજે દુનિયામાં મહત્વપૂર્ણ પ્રભાવ પાડવા માટે ભારતની મહત્વાકાંક્ષી મહિલા સંશોધક માટે જીવન બદલતી નવી તકની જાહેરાત કરી છે. ઉદઘાટન સમારોહમાં શાહરૂખ ખાન લા ટ્રોબ યુનિવર્સિટી પીએચડી સ્કોલરશીપ ૨૦૨૦માં ભારતીય વિદ્યાર્થી ગોપિકા કોટ્ટનથારયિલ ભાસીને એનાયત કરવામાં આવી હતી, જે આખરે ૨૦૨૨ની શરૂઆતમાં તેની પીએચડી શરૂ કરવા ઑસ્ટ્રેલિયાની મુસાફરી કરી શકી હતી. ભવ્ય ચાર વર્ષની સ્કોલરશીપના ભાગરૂપે, ગોપિકા વિશ્વની મધમાખીની વસ્તીને વાયરસ, પ્રદૂષકો અને વનસ્પતિમાં ઘટતી વિવિધતાથી બચાવવા માટે નવી તકનીકો પર સંશોધન કરી રહી છે. લા ટ્રોબ યુનિવર્સિટીના માનનીય ચાન્સેલર ધ હોન જહોન બ્રમ્બી એઓએ જણાવ્યું હતું કે, “તેઓ રોમાંચિત છે કે શાહરૂખ ખાન યુનિવર્સિટીને ભારતની મહત્વાકાંક્ષી મહિલા સંશોધકને બીજી સ્કોલરશિપ ઓફર કરવાનું સમર્થન કર્યું છે. ગોપિકા પહેલેથી જ અગ્રિકલ્ચર વિજ્ઞાનમાં લા ટ્રોબના વર્લ્ડ ક્લાસના રિસેર્ચમાં મૂલ્યવાન યોગદાન આપી રહી છે - યુનિવર્સિટીમાં ઝડપથી વિકસતા વિસ્તાર કે જેનો હેતુ ગ્લોબલ પૌષ્ટિક આહાર અસુરક્ષાને સંબોધવામાં મદદ કરવાનો છે. પર્યાવરણીય સ્થિરતા આરોગ્ય અથવા કૃષિ જેવા સંશોધન ક્ષેત્રોમાં વિશ્વના કેટલાક સૌથી મહત્ત્વના પડકારોના ઉકેલો શોધવામાં મદદ કરવા માટે ભારતીય મહિલા માટે જીવન બદલી નાખતી બીજી તકની જાહેરાત કરતાં અમે ઉત્સાહિત છીએ. (૧૯-૮)

ધ્રુવ કન્સલ્ટન્સીની Q1 FY23ની કુલ આવક ૩૦.૬૮% વધી

અમદાવાદ, ભારતની અગ્રણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કન્સલ્ટન્સી કંપનીઓમાંની એક, ધ્રુવ કન્સલ્ટન્સી સર્વિસિસ લિમિટેડ (BSE – 541302 NSE – DHRUV)એ ઊ૧હ્વરૂ૨૩ માટે તેના અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે.

આ પ્રસંગે બોલતા ધ્રુવ કન્સલ્ટન્સી સર્વિસીસ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતી તન્વી ઔતીએ જણાવ્યું, “અમારી ૩૧% ટોપલાઈન વૃદ્ધિ સ્પષ્ટપણે દર્શાવે છે કે અમે વૃદ્ધિના ટ્રેક પર છીએ. ઓપરેશનલ મોરચા પર પ્રતિકૂળ સ્થિતિઓ છે, પણ કાયમી પ્રકૃતિ ધરાવતી નથી. ક્વાર્ટર દરમિયાન અમને ૩૫.૩૪ કરોડના ૩ વર્ક ઓર્ડર માટે લેટર ઑફ ઓથોરાઈઝેશન (એલઓએ) મળ્યા છે. આ ૨ વર્ક ઓર્ડર ૧૧.૨૦ કરોડ અને ૧૮.૨૯ કરોડના છે, જે કંપનીના ઈતિહાસમાં સૌથી વધુ છે. આ ઉચ્ચ ટિકિટ સાઈઝના ઓર્ડર મેળવવાની અમારી શ્રેષ્ઠ તકનીકી ક્ષમતા દર્શાવે છે. અમારી વર્તમાન ઓર્ડર બુક ૪૨૩ કરોડની છે, જે બિઝનેસ માટે લાંબા ગાળાની કમાણી દ્રશ્યતા પ્રદાન કરે છે. સરકાર દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવા આતુર છે અને આ અમારા વ્યવસાયના વિકાસ માટે મુખ્ય પ્રોત્સાહન છે. ગ્રાહકોની સાથેના અમારા લાંબા ગાળાના સંબંધોની સાથે વ્યવસાયમાં અમારો અનુભવ અને કુશળતા અમને નાણાકીય વર્ષ ૨૩ અને ત્યાર બાદ મજબૂત રીતે આગળ વધવા માટે સક્ષમ બનાવશે.” (૧-૭)

રાજકોટમાં અશ્વો સાથે પોલીસે તિરંગા યાત્રા કાઢી

રાજકોટ

“હર ઘર તિરંગા” અભિયાન અંતર્ગત આઝાદીના અમૃત મહોત્સવ’ની ઉજવણીના ભાગરૂપે ગીતાંજલી કોલેજ દ્વારા રાજકોટ શહેરમાં “તિરંગા યાત્રા”નું આયોજન કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રાના પ્રસ્થાન સમયે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મેયર પ્રદીપ ડવ, ભાજપ અગ્રણી કશ્યપ શુક્લ, સહિતના અગ્રણીઓએ તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ તિરંગા યાત્રા મોટીટાંકી ચોક થી ફૂલછાબ ચોક થી લીમડા ચોક થઈને ગીતાંજલી કોલેજ સુધીની રેલીનું આયોજા કરવામાં આવ્યું હતું.

ગીતાંજલી કોલેજોના ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ તિરંગા યાત્રામાં જોડાયા હતા.સમગ્ર દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. દેશ આઝાદ થયો તેને ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સમગ્ર દેશવાસીઓને ’હર ઘર તિરંગા’ અભિયાનમા જોડાવવા આહવાન કરવામાં આવ્યું છે. જેને લઈને ’આઝાદી કા અમૃત મહોત્સવ’ અંતર્ગત રાજ્યભરમાં અલગ અલગ સમુદાય દ્વાર તિરંગા યાત્રા યોજાઈ રહી છે. આજે રાજકોટમાં વહેલી સવારે માઉન્ટેડ પોલીસ અને અશ્વ તાલીમ શાળા દ્વારા ૩૫ અશ્વો સાથે શહેરમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત હરઘર તિરંગાના ભાગરૂપે આજ રોજ રાજકોટ માઉન્ટેડ પોલીસ અને અશ્વ તાલીમ શાળા દ્વારા માઉન્ટેડ પોલીસ લાઈનથી રેસકોર્સ સુધી ૩૫ અશ્વો સાથે રાષ્ટ્રધ્વજ સાથે હરઘર તિરંગા અભિયાન અંગે લોક જાગૃતિ માટે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રામાં રાજકોટ માઉન્ટેડ પોલીસ સ્ટાફ તેમજ અશ્વ તાલીમ શાળાના સભ્યો જોડાયા હતા. લોકોમાં વધુને વધુ જાગૃતતા આવે એ ઉદેશથી તિરંગા યાત્રા નું આયોજન કરવામાં આવ્યું હતું.

હંગામા ટીવી ડોરાયમોન ધ મુવીઃ નોબિટા ચલ પડા એન્ટાર્કટિકાનું પ્રસારણ કરશે!



અમદાવાદ, સર્વ ડોરાયમોનના ચાહકો માટે ખુશીનો સમય છે, કારણ કે હંગામા ટીવી રવિવાર, ૧૪મી ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યથી ડોરાયમોન ધ મુવીઃ નોબિટા ચલ પડા એન્ટાર્કટિકાનો ભારતીય ટેલિવિઝન પ્રીમિયર પ્રસારિત કરવા માટે સુસજ્જ છે. આ ફિલ્મ હિંદી, તમિળ અને તેલુગુમાં જોઈ શકાશે. ડોરાયમોનનું મનગમતું પાત્ર, સમસ્યા ઉકેલવાનો સ્વભાવ અને તેનાં અત્યંત કૂલ ભવિષ્યલક્ષી ગેજેટ્સે તેને ટેલિવિઝન પર સૌથી વહાલા પાત્રમાંથી એક બનાવ્યું છે. સ્પર્શતી વાર્તા અને જીવંત પાત્રો સાથે બાળકોએ ડોરાયમોન અને નોબિટા વચ્ચેની મૈત્રીના સંબંધ અને તેમના સંબંધ સાથે આવતા પ્રેમ, આદર અને સંભાળનાં મૂલ્યોને પ્રદર્શિત કરતા દરેક અવસરને માણ્યા છે. હવે ડોરાયમોન ધ મુવીઃ નોબિટા તલ પડા એન્ટાર્કટિકામાં દરેક લોકપ્રિય ગેજેટ બિલાડી અને તેના ફ્રેન્ડ નોબિટા તેમના ચાહકોને એન્ટાર્કટિકાના રહસ્યમય અને સાહસિક પ્રવાસે લઈ જાય છે. ગરમી વધી રહી છે ત્યારે ડોરાયમોન નોબિટા અને તેના મિત્રોને સાઉથ પેસિફિકમાં તરતા વિશાળ બરફ પર મોકલી દે છે. તેના ગોપનીય ગેજેટ આઈસ-વર્કિંગ આયર્નથી એમ્યુઝમેન્ટ પાર્ક બનાવતાં ડોરાયમોન અને નોબિટા એન્ટાર્કટિકાની ભીતરથી સોનાની રહસ્યમય વીંટી શોધી કાઢે છે, જેમન પ્રાચીન, નામશેષ શહેરની ખોજ કરાવે . શું આ બંને શહેરને બચાવી શકશે કે પછી તેમની પર મુશ્કેલી આવી પડશે? (૧૯-૮)

PREMIER SYNTHETICS LIMITED

CIN–L70100GJ1970PLC100829

Regd. Office : Surana House, Behind Klassic Chambers, Swastik X Rd, Opp. Narnarayan Complex, Navrangpura, Ahmedabad-380009, Gujarat

EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2022

(Rs. in Lakhs)

Sr. No.	Particulars	Quarter Ended			Year Ended
		30.06.2022	31.03.2022	30.06.2021	31.03.2022
		Unaudited	Audited	Unaudited	Audited
1	Total Income from Operations	1761.67	1938.04	1306.11	5908.14
2	Net Profit/ (Loss) for the period (before Tax, Exceptional and/ or Extraordinary items)	25.07	126.67	58.50	258.63
3	Net Profit/ (Loss) for the period before Tax (after Exceptional and/ or Extraordinary items)	25.07	126.67	58.50	258.63
4	Net Profit/(Loss) for the period after Tax (after Exceptional and/ or Extraordinary items)	25.07	118.43	58.50	250.39
5	Total Comprehensive Income for the period [Comprising Profit/ (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	25.07	118.43	58.50	250.39
6	Equity Share Capital (Face Value per Share Rs.10/- each)	459.32	459.32	459.32	459.32
7	Reserves (excluding Revaluation Reserve as shown in the Balance sheet of previous year)				1531.74
8	Earning Per Share (of Rs. 10/- each) (for continuing and discountinued operations)				
	Basic :	0.55	2.58	1.27	5.45
	Diluted :	0.55	2.58	1.27	5.45

Note:
The above is an extract of the detailed format of Unaudited Financial Results of the Company for the Quarter ended on 30th June, 2022 filed with the Stock Exchange Under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations,2015. The full format of the said Financial Results are available on the Stock Exchange Website www.bseindia.com and on Company's website www.premiersyntheticsltd.com.

For, Premier Synthetics Limited
Sd/-
Gautamchand Surana
Managing Director

Place: Ahmedabad
Date: 12.08.2022

Hawa Engineers ltd.

An ISO 9001:2008 Certified Company

Registered office : Plot No. 129, Narol Road, Near Kashiram Textile Mill ,Ahmedabad ,Gujarat ,382405
II Email : cs@hawaengltd.com II Website : www.hawaengltd.com II
II Phone : 079-25320781, 25320782 II CIN : L29120GJ1993PLC019199 II

STATEMENT OF STANDALONE UN-AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30-06-2022

(Rs. In Lakhs)

Sr. No.	Particulars	Quarter ended	Year to date	Quarter ended
		30-06-2022	31-03-2022	30-06-2021
		Un-Audited	Audited	Un-Audited
1	Total income from operations (net)	2382.01	7376.52	1533.56
2	Net Profit/(Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	20.83	136.29	62.86
3	Net Profit/(Loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items)	20.83	136.29	62.86
4	Net Profit/(Loss) for the period after Tax (after Exceptional and/or Extraordinary items)	20.83	110.35	62.86
5	Total Comprehensive Income for the Period (Comprising Profit/(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax))	20.83	110.35	62.86
6	Equity Share Capital	352.64	352.64	352.64
7	Reserves (excluding Revaluation Reserve)	0.00	1220.08	0.00
8	Earnings Per Share (of ₹ 10/- each) (not annualised)	0.59	3.13	1.78
	Basic & Diluted			

Note :
1 The above results have been reviewed by the audit committee of the Company and taken on record by the Board of Directors of the Company in its meeting held on 12/08/2022 and same are also been reviewed by the statutory auditors of the Company.
2 The above is an extract of the detailed format of Quarterly/Yearly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/ Yearly Financial Results are available on the Stock Exchange websites(www.bseindia.com) and on the Company website(www.hawaengltd.com)

For, Hawa Engineers Ltd
Sd/-
Aslam F Kagdi
Managing Director
DIN:00006879

Place : Ahmedabad
Date : 12th August, 2022

KRISHNA CAPITAL & SECURITIES LTD.

REGD. OFFICE :403 , Mauryansh Elanza, Nr. Parekh Hospital, Shyamal Cross Road, Satellite, Ahmedabad - 380 015.
Tel. : (079) 2676 8572 , 2676 8573 Fax : + 91 - 79 - 2676 857, CIN: 667120GJ1994PLC023803, E-Mail: ksbspl@yahoo.in, Web Site: www.kcsl.co.in

EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON JUNE 30, 2022

(Amount in Lakhs)

PARTICULARS	QUARTER ENDED			YEAR ENDED
	30/06/2022	31/03/2022	30/06/2021	31/03/2022
	(Unaudited)	(Audited)	(Unaudited)	(Audited)
MONTH COVERED	3	3	3	12
Total Income From Operating Income	10.93	13.75	9.88	41.37
Net Profit/(Loss) for the Period (Before Tax and Exceptional Item)	1.13	8.48	(0.35)	16.07
Net Profit/(Loss) for the Period (Before Tax and After Exceptional Item)	1.13	8.48	(0.35)	16.07
Net Profit/(Loss) for the Period After Tax	0.85	7.87	(0.35)	13.55
Total Comprehensive Income For the Period (Comprehensive Profit/(Loss) for the period (after Tax) and Other Comprehensive Income (After Tax)	0.85	7.87	(0.35)	13.55
Paid up Equity Share Capital (Face value Rs. 10/- Per Shares)	315.84	315.84	315.84	315.84
Basic Earning Per Share (EPS) in Rupees after Exceptional Item	0.03	0.25	(0.01)	0.43
Diluted Earning Per Share (EPS) in Rupees after Exceptional Item	0.03	0.25	(0.01)	0.43

EXTRACT OF CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON JUNE 30, 2022

(Amount in Lakhs)

PARTICULARS	QUARTER ENDED			YEAR ENDED
	30/06/2022	31/03/2022	30/06/2021	31/03/2022
	(Unaudited)	(Audited)	(Unaudited)	(Audited)
MONTH COVERED	3	3	3	12
Total Income From Operating Income	10.93	13.75	9.88	41.37
Net Profit/(Loss) for the Period (Before Tax and Exceptional Item)	1.13	8.48	(0.35)	16.07
Share of Profit / (Loss) of an Associate	(0.88)	0.72	-	0.72
Net Profit/(Loss) for the Period (Before Tax and After Exceptional Item)	0.25	9.20	(0.35)	16.79
Net Profit/(Loss) for the Period After Tax	0.19	6.58	(0.35)	14.17
Total Comprehensives Income For the Period (Comprehensing Profit/(Loss) for the period (after Tax) and Other Comprehensive Income (After Tax)	0.19	6.58	(0.35)	14.17
Paid up Equity Share Capital (Face value Rs. 10/- Per Shares)	315.84	315.84	315.84	315.84
Basic Earning Per Share (EPS) in Rupees after Exceptional Item	0.01	0.21	(0.01)	0.45
Diluted Earning Per Share (EPS) in Rupees after Exceptional Item	0.01	0.21	(0.01)	0.45

NOTES:
1 The above is an extract of the detailed format of Standalone and Consolidated results for the Quarter ended on **June 30, 2022** filed with The BSE Limited under Regulation 33 of SEBI (Listing Obligations and Disclosures Requirements) Regulation, 2015. The full format of the Standalone and Consolidated results for the Quarter ended on **June 30, 2022** are available on website of the BSE Limited (www.bseindia.com) and the Company's website (www.kcsl.co.in)
2 The above result where reviewed by the Audit Committee and approved by the Board of Directors at their respective meeting held on **August 12, 2022.**

BY ORDER OF THE BOARD
KRISHNA CAPITAL & SECURITIES LTD

Sd/-

ASHOKKUMAR BABULAL AGRAWAL
DIN NO: 00944735
MANAGING DIRECTOR

PLACE: AHMEDABAD
DATE: 12/08/2022

પ્રતિકાત્મક કબ્જા નોટીસ

ICICI Bank | **શાખાનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિ., ઓફીસ નં. ૨૦૧-બી, બીજો માળ, રોડ નં. ૧, પ્લોટ નં.બી૩, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર -૪૦૦૬૦૪.**

આથી સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.
કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકૃત અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો પ્રતિકાત્મક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારોએ અને સામાન્ય જનતાએ ટાંચમાં લીધેલ મિલ્કતો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	દેવાદારોનું નામ / લોનનો ખાતા નંબર	મિલકતોની વિગતો / પ્રતિકાત્મત કબ્જાની તારીખ	ડિમાન્ડ નોટીસની તારીખ / ડિમાન્ડ નોટીસમાંની રકમ(રૂા)	શાખાનું નામ
૧	ગિરેન્દ્રસિંઘ ઉત્તમસિંઘ કુસ્વાહ અને રાગિનીદેવી ગિરેન્દ્રસિંઘ કુસ્વાહ LBABD00001989107	ફ્લેટ નં.૧૧૦, ક્રિષ્નાપાર્ક સોસાયટી, નિરાત ક્રોસ રોડ, અર્પણ સ્કુલ પાસે, મોજે-વસ્રાલ, સર્વે નં.૮૬૬, હિસ્સા નં.૨, એફ.પી. નં.૮ પૈકી ટીપીએસ નં.૧૦૬, ગુજરાત, અમદાવાદ - ૩૮૨૪૧૮/ ઓગષ્ટ૦૮, ૨૦૨૨	સપ્ટેમ્બર ૨૯, ૨૦૨૧ રૂા. ૭,૨૪,૪૩૫.૦૩/-	અમદાવાદ
૨	પુનમ અને રાજેશકુમાર LBABD00005142530	ફ્લેટ નં.૧૧૪, પહેલો માળ, કેશર રેસિડેન્સી, મોજે-કોલાવાડા, સર્વે નં.૩૪૭, ટીપીએસ નં.૧૪, એફપી.નં.૨૩, ગુજરાત, ગાંધીનગર - ૩૮૨૦૧૧/ ઓગષ્ટ૦૮, ૨૦૨૨	એપ્રિલ ૨૮, ૨૦૨૨ રૂા. ૧૮,૫૧,૪૬૩.૦૦/-	અમદાવાદ

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ- ૨૦૦૨ની કલમ ૮ અને ૯ નીજોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ઓગષ્ટ ૧૨, ૨૦૨૨
સ્થળ : અમદાવાદ

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ